મિલકત વેરાને સ્થગિત કરાવવા માંગ

આજે શહેર વસાહત મહામંડળનું પ્રતિનિધિ મંડળ શહેરી વિકાસ સચિવશ્રી ગૌતમ સમક્ષ રજુઆત કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં લાગુ કરાયેલ મિલ્કતવેરાના વિરોધમાં આજે શહેરની વિવિધ સંસ્થાઓનું એક પ્રતિનિધિમંડળ શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી આઈ.પી. ગૌતમને મળી આ વેરા વસુલાતની કામગીરી સ્થગિત કરાવવા માટે માંગ કરશે.

ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખશ્રી અરૂણ બુચે જણાવ્યું હતું કે ટેક્ષ હોલીડેની કરાયેલી માંગણી પછી પણ મહાનગરપાલિકાદ્વારા વેરા લાગુ કરવામાં આવ્યા છે અને આ મુદ્દે શહેરના વસાહતીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે તેને વાચા આપવા માટે આજે એક પ્રતિનિધિમંડળ બપોરે બાર વાગે શહેરી વિકાસ વિભાગના સચિવશ્રીને મળશે.

તેમણે જણાવ્યુ હતુ કે તેઓ મુખ્યત્વે વેરા વસુલીની કામગીરી સ્થગિત થાય તે બાબત પર આ પ્રતિનિધિમંડળ ભાર મુકશે.

ગાંધીનગર મહાનગરપાલિકાને જમીન માલિકી કે અન્ય બાબતો સોંપવામાં આવી નથી તેથી મિલ્કતવેરાની વસુલી એ ગેરકાયદેસર છે. તેમણે જણાવ્યુ હતુ કે જમીનની માલિકી નથી તેમજ શિક્ષણ ઉપકર અને મહેસુલી વેરાની વસુલી જે તે સમયે તંત્ર દ્વારા કરવામાં આવી જ છે તો પછી આ વસુલી પણ કાયદેસરની નથી.

તેમણે જણાવ્યું હતું કે સફાઈની કામગીરી પણ તંત્ર પુરી સક્ષમતા સાથે નિભાવવામાં નિષ્ફળ રહ્યું છે. આ સ્થિતિમાં વેરા વસુલી કરવાની સત્તા મહાનગરપાલિકાને નથી અને તેથી તેની વસુલીની કામગીરીને તાત્કાલિક અસરથી સ્થગિત કરવી જોઈએ તેવુ અમે સ્પષ્ટ માનીએ છીએ તેવી સીધી રજુઆત શહેરી વિકાસ વિભાગને કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરની જમીનની માલિકી માર્ગ-મકાન વિભાગની છે. શહેરી વિકાસ વિભાગને આવો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી. આ ઉપરાંત શહેરમાં કેટલીક જમીનો પરની મિલ્કતો એવી છે કે રાજ્ય સરકારે તેને ૯૯ વર્ષના ભાડાપટ્ટે અથવા તો લીઝ પર આપેલ છે અને તે અંગેના કરારો કરેલા છે તેવી મિલ્કતો કે જમીનો પર આકારણી થઈ શકતી નથી.

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના ૧-૫-૧૦ થી કરવામાં આવ્યા બાદ રાજ્ય સરકારે ૧-૪-૧૧ થી મિલ્કતવેરાની વસુલી માટે મનપાને મંજૂરી આપી છે. મિલ્કતવેરાની વસુલીને લઈ શહેરમાં મનપા દ્વારા કામગીરી પણ આરંભી દેવામાં આવી છે.

મનપા દ્વારા મિલ્કતવેરાની વસુલી તબક્કાવાર હાથ ધરવામાં આવી છે. સે. ૮ સુધીના બિલો રહીશોને મોકલી દેવામાં આવ્યા છે અને તેની વસુલાત પણ લગભગ પુરી થવા આવી છે.

બીજી તરફ આજે શહેરના કેટલાક સ્વૈચ્છીક સંગઠનોની મળેલી બેઠકમાં આકારણી અને બિલોમાં રહેલી ભૂલો સામે વિરોધ વ્યક્ત કરતા ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા.

(તસવીર : દિપક જાની)

જાગૃત નાગરિકો દ્વારા ને તંત્ર દ્વારા ગમે તેટલી બૂમરાણ મચાવવામાં આવે પણ ગંદકી ગાંધીનગરનો પીછો છોડતી નથી. સેક્ટર-૨૪ના હોલસેલ શાક માર્કેટ પાસે ફેલાયેલી આ ગંદકી એ બાબતનો પુરાવો આપે છે.

ચોથીએ સાડા આઠ લાખ કર્મચારી મંદિરમાં હનુમાન ચાલીસા કરશે

એક કર્મચારી પરિવારના પાંચ અને તેના બીજા ૨૫ સ્નેહીજન

ભાજપને મત નહીં આપે:કર્મચારી મંડળોની રેલીમાં એલાન

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકારના સાડા આઠ લાખ કર્મચારીઓએ અમદાવાદમાં રેલી કાઢીને સરકાર વિરોધી મતદાન કરવાનો નિર્ણય લીધો છે. કર્મચારી આગેવાનોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અમારા પ્રશ્નો નહીં ઉકેલે તો અમે પાંચ અને અમારા ૨૫ લોકો આગામી ચૂંટણીમાં ભાજને મત નહીં આપે. સચિવાલય ફેડરેશને તો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને કાગળ

અમદાવાદમાં ચક્કાજામનાં દ્રશ્યો,૨૭મી સપ્ટેમ્બરે માસ સીએલ સચિવાલયના કર્મચારીઓએ મોદીને પત્ર લખી ભાજપ તરફી મતદાન નહીં કરવાની ચીમકી આપી

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં પશુધન ગણતરીનું કામ ૧૫ સપ્ટેમ્બરથી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૯મી પશુધન વસ્તી ગણતરીની કામગીરી ૧૫મી સપ્ટેમ્બરથી શરૂ થશે અને જે એક માસ સુધી ચાલશે.

પશુધન વસ્તી ગણતરીદાર તરીકે દૂધ મંડળીના કર્મચારી, સભ્ય કે પછી નિવૃત્ત સરકારી કર્મચારી કે શિક્ષકને નિમણુંક આપવામાં આવશે. આ અંગેની કાર્યવાહી આગામી સપ્તાહમાં સંપન્ન કરી દેવામાં આવશે. આ પછી ગણતરીદારને તે અંગેની તાલિમ આપવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ વખતની ગણતરી બ્રીડવાર નહિ પણ સંવર્ગવાર કરવામાં આવનાર છે. તેમજ જિલ્લાના મુખ્ય ગણતરીદાર તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની નિમણુંક કરવામાં આવી છે. એક ગણતરીદારને ૧૫૦૦ જેટલા ઘરની ગણતરી કરવાની રહેશે.

પશુધન વસ્તી ગણતરી એક માસ સુધી ચાલશે અને ૧૪ ઓક્ટો.ના રોજ આ અંગેનો અહેવાલ રાજ્યકક્ષાએ મોકલી આપવામાં આવશે. ૧૮મી પશુધન વસ્તી ગણતરી મુજબ જિલ્લામાં પાંચ લાખ જેટલુ પશુધન નોંધાયેલું હતું.

જિલ્લામાં પશુસંવર્ધનની પ્રવૃત્તિનો વિકાસ સારો થયો છે અને એક અંદાજ મુજબ વાર્ષિક ૨.૫ ટકાના દરે તેમાં વધારો થયેલો પણ સરેરાશ જોવા મળ્યો છે. જિલ્લામાં ઘોડા, ઊંટ અને ગધેડાની ઓલાદમાં ઘટાડો થયેલો ૧૮મી પશુધન ગણતરીમાં જણાઈ આવ્યો હતો.

આ પશુધન ગણતરીમાં પાલતુ પશુ અને રખડતા પશુ એવી પણ અલગ-અલગ ગણતરી કરવામાં આવનાર છે. ૧૮મી પશુધન વસ્તીગણતરીની તૈયારી અને કામગીરી સંપન્ન કરવામાં ગાંધીનગર જિલ્લો રાજ્યમાં અગ્રેસર રહ્યો હતો જે ઉલ્લેખનીય છે.

ડેપોમાં ધૂમ્રપાન કરતા ૧૫ મુસાફરો પાસેથી દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ધૂમ્રપાન કરતા ૧૫ જેટલા મુસાફરોસામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લાંબા સમયના અંતે ડેપો કક્ષાએજાહેરમાંધૂમ્રપાન કરતા મુસાફરો પાસેથી દંડ વસુલવાનુ અભિયાન હાથ ધરાયું છે. જો કે આ મામલે હજુ પણ અસરકારક કામગીરી ન થતી હોવાનો આક્રોશ પણ સેવાઈ રહ્યો છે.

જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરનારામાંથી અન્ય વ્યક્તિઓને પણ નુકશાન થાય છે. જ્યારે એસ.ટી. ડેપો જેવા જાહેર સ્થળોએ મુલાકાતીઓની વિશેષ અવર-જવર રહેતી હોવાથી કેટલાક મુસાફરો પેસિવ સ્મોકીંગનો ભોગ બનવુ પડતુ હોવાનુ પણ ડેપો તંત્રના ધ્યાને આવ્યું હતું. જેને ધ્યાને લઈ એસ.ટી. ડેપોમાં ધૂમ્રપાન કરતા વ્યક્તિઓ પાસેથી ડેપો કક્ષાએથી દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ચાલુ મહિના દરમિયાન પણ ૧૫ જેટલા વ્યક્તિ પાસેથી અંદાજિત રૂ. ૩૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન ડેપો સંકુલમાં પાન-ગુટકા ખાનારાઓ પાસેથી પણ દંડ વસુલવાની વાત કરાઈ હતી પરંતુ આ મામલે કોઈ નક્કર પગલા ન લેવાતા ઝુંબેશનું સૂરસૂરિયુ થઈ ગયું હતું.

રાજ્યના સરકારી કર્મચારીઓ સાથે અમારી સહાનુભૂતિ છે : કેશુબાપા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતની પ્રજાની પરસેવાની કમાણીના રૂ. ૩૩હજાર કરોડ તાતાને લૂંટાવવામાં કે અબજો રૂપિયાના લાભ મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને ખૈરાત કરવામાં મોદી સરકારને વાંધો નથી પરંતુ કર્મચારીઓને તેમનો હક્ક આપવામાં આવતો નથી.

ગુજરાત પરિવર્તન પાર્ટીની સહાનુભુતિ સરકારી કર્મચારીઓ સાથે છે તેવુંબ્લોગ પર કેશુબાપાએજણાવીને કહ્યું છે કે કર્મચારીઓના અનેક પડતર પ્રશ્નો છે પરંતુ તેને ઉકેલવાના બદલે સરકારે તેમની સાથે મંત્રણાના નામે છેતરપીંડી જ કરી છે કેન્દ્ર સરકારના ધોરણેછઠ્ઠુપગાર પંચ મેડીકલેમ પોલીસી સહિત અનેક પ્રશ્નો છે તેથી જ છેવટે શોષણ અને અન્યાય સામે કર્મચારીઓએ મહારેલી અને માસ.સી.એલ.નો નિર્ણય લીધો છે.

તેમણે જણાવ્યું છે કે ગુજરાત પરિવર્તન પાર્ટીની સહાનુભુતિ કર્મચારીઓ સાથે છે અમે કર્મચારીઓની સમસ્યાઓને સમજીને પરિવર્તન પેકેજમાં તેનો નક્કર ઉકેલ આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં ફીક્સ પગારવાળા કર્મચારીઓને યોગ્ય વેતન મળે, આંગણવાડી, મધ્યાહન ભોજન યોજના, આશા વર્કસ સહીતના કર્મચારીઓને હાલ કરતાં ઘણું સારૂ વેતન મળે તથા વર્તમાન અને નિવૃત્ત કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળે એવા અનેક મુદ્દાઓનો સમાવેશ કર્યો છે.

મુખ્યમંત્રી જે રીતે કર્મચારીઓનું ગૌરવ ઘવાય તે રીતે પોતાના કાર્યક્રમો મેળાવડાઓમાં વસ્તી એકઠી કરવા માટે રાજકીય કાર્યકર્તાની જેમ કર્મચારીઓને કામે લગાડે છે તે પણ બંધ થશે તેની અમે બાંહેધરી આપી છે એમ કેશુબાબાએ જણાવીને ઉમેર્યું હતું કે મોદી સરકારના શાસનમાં અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે એવો કેગનો અહેવાલ છે.

ચંદ્ર ઉપરથી પરત ફર્યો ત્યારે એક માનવીની અનુભૂતી થઈ

નીલ આર્મસ્ટ્રોંગને મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચંદ્ર ઉપર પ્રથમ માનવીના પદાર્પણનું વિશ્વમાં ગૌરવ મેળવનારા નીલ આર્મસ્ટ્રોંગના નિધન ઉપર ઉંડું દુઃખ વ્યક્ત કરી ભાવભરી શ્રદ્ધાંજલિ આપતા તેમના બ્લોગમાં જણાવ્યું છે કે એક યુગનો અંત આવી ગયો છે. નરેન્દ્ર મોદીએ તેની વેબસાઈટના બ્લોગમાં વર્ષો પહેલા અમેરિકાના પ્રવાસ દરમિયાન સ્વ. નીલ આર્મસ્ટ્રોંગની રૂબરૂ મુલાકાતની અવિસ્મરીણય યાદ તાજી કરતા જણાવ્યું છે કે ચંદ્ર ઉપર પ્રથમ ચરણ મુકનાર શ્રી નીલ આર્મસ્ટ્રોંગ સાથે વાતચીત અત્યંત ઉષ્માભર રહી હતી. ચંદ્ર-ઉતરાણના તેમના અનુભવને બે જ વાક્યોમાં વર્ણન કરવાનું કહેતા જ આર્મસ્ટ્રોંગ જે ફલશ્રુતિ વર્ણવેલી તે પણ કદી વિસરી શકાય તેવી નથી. નીલ આર્મસ્ટ્રોંગે જણાવેલું કે હું જ્યારે ચંદ્ર ઉપર પહોંચ્યો ત્યારે અવકાશયાત્રી જ હતો પરંતુ પાછો આવ્યો ત્યારે માનવીની અનુભુતી થઈ હતી. મુખ્યમંત્રીએ એમપણ બ્લોગમાં જણાવ્યું છે કે માનવજાત માટે નવું બ્રહ્માંડ સર્જતું આ નાનું પગલું ચંદ્ર ઉપર આર્મસ્ટ્રોંગનું ચરણ હતું.

બ્લોગમાં મોદીએ સ્વ. આર્મસ્ટ્રોંગના પરિવારજનોએ શ્રદ્ધાંજલિમાં જે લાગણી વ્યક્ત કરી છે તેનો નિર્દેશ કરી જણાવ્યું છે કે તેમને સાચી ભાવાંજલિ એ જ હોઈ શકે કે જ્યારે તમે નિરવ રાત્રીએ બહાર આકાશમાં દ્રષ્ટિ કરો અને ચંદ્રનું મલકતું હાસ્ય અનુભવાયતો નીલ આર્મસ્ટ્રોંગને અચુક યાદ કરજો. નરેન્દ્ર મોદીએ તેમના સ્વજનોને સાંત્વના પાઠવી છે.

જૂના શૌચાલયો બિન ઉપયોગી અને નવાને તાળાબંધી !

લાખોના ખર્ચ પર પાણીઢોળ : શોપીંગ વિસ્તારમાં સ્થિત શૌચાલયો પણ જાળવણીના અભાવે ખંડેર

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં જૂના શૌચાલયો ખદબદતી ગંદકી વચ્ચે અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બન્યો છે. શોપીંગ વિસ્તારમાં સ્થિત શૌચાલયો પણ જાળવણીના અભાવે ખંડેર બનતા બિનઉપયોગી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જ્યારે પાટનગર યોજના વિભાગ દ્વારા લાખોના ખર્ચે બનાવાયેલા નવા શૌચાલયોની તાળાબંધી હજુ ન ખુલતા આમ નાગરિકોને આ સુવિધાનો લાભ મળતો નથી. નિર્મળ નગરના સોછામણા સૂત્રોની પોકાર વચ્ચે તંત્રની આંખ સામે જ ગંદગીની સમસ્યા હઠીલી બની છે. આવા સંજોગોમાં શૌચાલય પાછળ લાખોનું પાણીઢોળ થયા બાદ પણ કોઈ હેતુ સરતો નથી.

શહેરમાં દાયકાઓ પૂર્વે અસ્તિત્વમાં આવેલા જાહેર શૌચાલયો ગંદકીનો અડ્ડો બનતા અનેક દૂષણો પાંગરી રહ્યા છે. આ શૌચાલયો તોડી પાડવાના નિર્ણય બાદ પણ કોઈ પગલા લેવાયા નથી. બીજી તરફ લાખોના ખર્ચે બંધાયેલા નવા સૌચાલયોના તાળા પણ હજુ ખુલ્યા નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર જાહેર સૌચાલયો પાછળ લાખોનો ખર્ચ થયા પછી પણ આ વ્યવસ્થા લોકઉપયોગી થઈ નથી. જિલ્લાની સંકલન સમિતિમાં પણ આ મામલે ચર્ચા હાથ ધરી નિર્ણય લેવાયો નથી. સભાગૃહ છાવણીમાં પણ રોજબરોજ હજારો લોકોની અવર-જવર રહે છે. સે. ૬માં પણ આ સ્થિતિના લીધે ગંદકી હઠીલી બનતા સ્થાનિક રહીશોનું આરોગ્ય જોખમાયું છે. શહેરમાં વધતા ઝૂંપડાની સાથે શૌચાલયની સવિધાનો અભાવ હોવાથી જનઆરોગ્ય જોખમાયું છે. ત્યારે સરકાર કક્ષાએની આ મામલે તાત્કાલિક બંધ શૌચાલયોના તાળા ખોલવાની વ્યવસ્થા ગોઠવવા રજૂઆત કવામાં આવી છે.

જીઈબી પાવરસ્ટેશનનુ પ્રદૂષણ ઘટ્યું

ગાંધીનગર, તા. ૨૬

વાયુ પ્રદૂષણ ઘટાડવાના સક્રિય પગલાંઓ બાદ ગાંધીનગર જીઈબી થર્મલ પાવરસ્ટેશન દ્વારા ફેલાતુ પ્રદૂષણ ઘટ્યું છે.

ગાંધીનગરના છેવાડે સેક્ટર-૩૦ નજીક આવેલ જીઈબી થર્મલ પાવર સ્ટેશન દ્વારા વાયુ પ્રદૂષણ ફેલાય છે તેવી ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. છેક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સુધી તેની ફરિયાદ પહોંચે છે. જો કે વાયુ પ્રદૂષણ કાબુમાં રહે અને વસાહતીઓને હાનિ ન પહોંચે તે માટે જીઈબી દ્વારા પુરતા પ્રયત્નો કરવામાં આવે છે. પ્રદૂષણના નિયમોનું ચુસ્ત પાલન કરી ગાંધીનગર શહેરને કોઈ આડ અસર ન થાય તેવી સાવચેતી પણ રાખવામાં આવે છે. જીઈબીના પ્રયત્નોના કારણે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની એમીશનની માત્રા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધારાધોરણથી પણ નીચે છે. વાયુ પ્રદૂષણની માત્રા ખુબ ઓછી થઈ ગઈ છે.

ગાંધીનગરમાં આજે મહિલા ચેસ મહોત્સવ લાલકૃષ્ણ અડવાણી સંબોધન કરશે

ગાંધીનગર,તા.૨૬

પાટનગર ગાંધીનગર ખાતે આવેલા મહાત્મા મદિરમાં આજે પોરે ૩.૩૦ કલાકે સ્વામી વિવેકાનંદ મહિલા ચેસ મહોત્સવનું આયોજન કરાયું છે, જેમાં ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને સાંસદ લાલકૃષ્ણ અડવાણી, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ચેસની રમતના ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથ આનંદ ઉપસ્થિત રહેશે.

ભાજપના મિડિયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, અડવાણી આવતીકાલ તા.૨૭મીને સોમવારે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ઉપક્રમે સ્વામી વિવેકાનંદ મહિલા ચેસ મહોત્સવ-૨૦૧૨માં અડવાણી ઉપસ્થિત રહીને પ્રેરક ઉદબોધન કરશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અડવાણી સાંજે વિમાન માર્ગે દિલ્હી જવા રવાના થશે.

બીજો યુથ ફેસ્ટીવલ સપ્ટેમ્બરમાં યોજાશે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના વિદ્યાર્થીઓ માટે બીજો યુથ ફેસ્ટીવલ સપ્ટેમ્બરમાં યોજવામાં આવશે. ગત વર્ષે ડિગ્રી એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે પ્રથમ યુથ ફેસ્ટીવલ યોજાયા બાદ ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં તેમના માટે બીજો યુથ ફેસ્ટીવલ યોજાશે.

શ્રી સ્થાનકવાસી જૈન બેસણું

અમારા પૂ. માતુશ્રી **સુશિલાબેન અરવિંદભાઈ રાઠોડ** તા. ૨૨/૮/૨૦૧૨ના રોજ અરિહંતશરણ પામ્યા છે. **સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૨૮/૮/૨૦૧૨ને મંગળવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય (પ્લોટ નં. ૫૩૩, સેક્ટર-૨૨, ગુરૂકુળ પાસે)** ખાતે રાખેલ છે.

જીતેન્દ્રભાઈ છગનલાલ રાઠોડ
ભરતભાઈ છગનલાલ રાઠોડ
ડૉ. વિજય એ. રાઠોડ
ધનંજય એ. રાઠોડ
ભાવેશ એ. રાઠોડ

નિવાસસ્થાન : પ્લોટ નં. ૩૬૦/૨, સેક્ટર-૨૨, ગાંધીનગર.
ટે.નં. ૨૩૨૨૪૫૧૨ ● મો. ૯૮૨૪૩ ૭૫૧૯૧

દિવાલ કબાટ (ફ્રેમ સ્પેશ્યાલીસ્ટ)

પેથાપુર ચાર રસ્તા, વિજય હોટલની નીચે, મહુડી રોડ
H.O.-શક્તિ કોમ્પલેક્ષ, ઓમ પીટીસી કોલેજની સામે, મોટા ચિલોડા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

SANGHI CEMENT · KISAN · VANAMAY 500 · SANGHI STEEL - ISI · BENELAVE · H.FIXIT · TMT BARS - ISI · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com